**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૧/૧/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૮/૧૫**

**વહેલી સવારે ભુજમાંથી આંગડીયાના કર્મચારીને રિવોલ્વર જેવું હથિયાર બતાવી અપહરણ કરી ગાડીમાં બેસાડી ઈજાઓ કરી શંખેશ્વર પાસે ફેંકી દઈ સોના ચાંદીના દાગીના તથા ચાંદીની પાટો ભરેલ બેગની લુંટ કરી નાસી જનાર લુંટારુ ગેંગને ઝબ્બે કરતી ક્રાઈમ બ્રાન્ચ,**

ગઈ તા.૨૩.૧૨.૧૪ ના રોજ રાત્રીના સુમારે એચ.પ્રવિણકુમાર એન્ડ કું.નામની આંગડીયા પેઢીના કર્મચારી રાકેશ નટવરલાલ પટેલ નાઓ અમદાવાદથી બસમાં બેસી ભુજ જવા રવાના થયેલ.અને તા.૨૪.૧૨.૧૪ ના વહેલી સવારે ચારેક વાગ્યાના સુમારે ભુજ ખાતે આવેલ જાહેર રોડ ઉપરથી પસાર થતા દરમ્યાન અગાઉથી પુર્વ આયોજીત કાવત્રારુપે નક્કી થયા મુજબ કારમાં સવાર થયેલ લુંટારુ ગેંગના સભ્યોએ મોકો જોઇ રાકેશભાઇની નજીક પહોંચી જઈ રીવોલ્વર જેવું હથિયાર બતાવી બળજબરીથી કારમાં બેસાડી અપહરણ કરી શંખેશ્વર તરફ જવાના રસ્તે લઈ જઈ હથિયાર બતાવી શરીરે ઈજાઓ કરી રાકેશભાઈ પાસેના સોના ચાંદીના દાગીના તથા ચાંદીની પાટો મળી કુલ્લે રુ.૫૫ લાખની મત્તા ભરેલ બે થેલાની લુંટ કરી રાકેશભાઇને ચાલુ વાહને શંખેશ્વર નજીક હાઈવે રોડ ઉપર સુમસામ જગ્યાએ ફેંકી દઈ શંખેશ્વર તરફ નાસી જઈ ગુનો કરેલ હોવાનો બનાવ બનતા આ અંગે ફરીયાદી રાકેશ નટવરભાઈ પટેલ નાએ ભુજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપતા ભુજ સીટી પો.સ્ટે.ખાતે ફ.ગુરનં.૨૯૪/૧૪ ઈપીકો કલમ ૩૬૫, ૩૯૪, ૩૯૭, આર્મ્સ એક્ટ ૨૫(૧)એ, જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ.

આ અંગે તાજેતરમાં અમદાવાદ શહેર, મહેસાણા, કચ્છ, મોરબી વિગેરે જગ્યાઓમાં આંગડીયાની લુંટના બનાવ બનેલ હોય, સં.પો.કમિ., ક્રાઈમ શ્રી એ.કે.શર્મા સા.ની સુચનાથી ડી.સી.પી.શ્રી હિમાંશુ શુકલા સા.નાઓએ આવા ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપતા ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરના તમામ અધિ.તથા માણસોએ અલગ અલગ ટીમો બનાવી રાજ્ય વ્યાપી ઝુંબેશ શરુ કરી આવા આંગડીયા લુંટના બનવા પામેલ ગુનાઓ શોધી કાઢવા કમર કસેલ.તે દરમ્યાન પો.ઈન્સ.શ્રી એસ.એલ.ચૌધરી, તથા તેમની ટીમના પો.સ.ઈ.શ્રી ડી.એસ.ગોહિલ, પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી, પો.સ.ઈ.શ્રી જે.પી.રોજીયા, તથા તેમની ટીમના માણસોએ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.વિજયસીંહ રણજીતસીંહ ને બાતમી હકિકત મળેલ કે, "થોડા દિવસ અગાઉ ભુજ ખાતે આંગડીયા પેઢીના કર્મચારીને રિવોલ્વર જેવું હથિયાર બતાવી કારમાં બેસાડી અપહરણ કરી લઈ જઈ માર મારી સોના ચાંદીના દાગીના ભરેલ થેલાઓની લુંટ કરી નાસી ગયેલ જે ગુનાના આરોપીઓ પૈકીના કેટલાક આરોપીઓ તેમના ભાગમાં આવેલ સોના ચાંદીના દાગીના વેચવા સારૂં એક સફેદ ઈન્ડીગો કાર નંબર જીજે ૨ બીપી ૪૫૨૯ માં બેસી બહુચરાજી તરફથી વાયા મહેસાણા કલોલ થઈ ગોતા ચોકડી થઈ અમદાવાદ તરફ આવનાર છે." જે હકિકત આધારે ગોતા ચોકડી ખાતે વોચમાં હતા દરમ્યાન ઉપરોક્ત કાર આવતા તેને કોર્ડન કરી રોકી લઈ તેમાં બેઠેલ માણસોને નામઠામ પુછતા (૧) જીતેન્દ્રકુમાર ઉર્ફે જીતુ s/o વિરુભાઈ પન્નાલાલ જોષી ઉવ.૩૩, રહે.નવદુર્ગા ચોક, નાઈ સમાજની ધર્મશાળાની બાજુમાં, બહુચરાજી, તા.બહુચરાજી, (૨) અનીલકુમાર નારણભાઈ પટેલ ઉવ.૩૫ રહે.ઘર નંબર ૧, ગોકુલધામ

સોસાયટી, ડેડીયાસણ ગામની સામે, મહેસાણા મુળ વતન ગામ વીરતા, તા.જી.મહેસાણા (૩) જીજ્ઞેશ ઉર્ફે લાલો s/o પ્રભાશંકર જગન્નાથ જાની ઉવ.૩૨ રહે.બહુચર માતાના મંદીરની બાજુમાં, બ્રહમસમાજની વાડી, બહુચરાજી, તા.બહુચરાજી, જી.મહેસાણા ના હોવાનું જણાવતા તેઓની તથા કારની ઝડતી તપાસમાંથી સોનાના હાર, વીંટીઓ, સોનાના પેંડલ, સોનાની બંગડી, મંગળસુત્ર, તથા બીજા નાના મોટા સોનાના દાગીના તથા ચાંદીની પાટ તથા ચાંદીના ગ્લાસ, શ્રીફળ, ચાંદીની ઝાંઝરી, ચમચીઓ, ચાંદીનું કડુ તથા કાનમાં પહેરવાના ઝુમર, ચાંદીની ચેઇનો મળી કુલ્લે કિં.રુ.૧૧,૫૨,૧૧૩ નો મુદ્દામાલ તથા ગુનામાં વાપરેલ ઇન્ડીગો કાર કિં.રુ.૫,૦૦,૦૦૦.૦૦ મળી કુલ્લે કિં.રુ. ૧૬,૫૨,૧૧૩.૦૦ નો મુદ્દામાલ હસ્તગત કરવામાં આવેલ છે.

સદરી ત્રણેય આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓએ તેમના સાગરીતો સાથે ઉપરોક્ત ગુનો કરેલાનો એકરાર કરતા ત્રણેય આરોપીઓને આજરોજ તા.૨૧.૧.૨૦૧૫ ના કલાક ૧૩.૨૫ વાગે પકડી અટક કરેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી જીતેન્દ્ર તથા જીજ્ઞેશ બન્ને અગાઉ જુગાર, પ્રોહિબીશન ના ગુન્હાઓમાં અને તે ઉપરાંત બળજબરીથી પૈસા કઢાવી લઇ લેવાના બે ગુનામાં પકડાયેલા છે.

આ ગેંગના અન્ય ઇસમો પકડાય તો બીજી આવી આંગડીયા લુંટો ઉપર પણ પ્રકાશ પાડી શકાય તેમ છે.

**<u>જૂનાગઢના માથાભારે ઇસમને પિસ્ટલ તથા બે તમંચા સહિત ત્રણ ગેરકાયદેસર હથિયારો તથા જીવતા કારતૂસ નંગ-ર સાથે ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર</u>**

આગામી ૨૬ જાન્યુઆરીના તહેવાર અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પ્રજાસત્તાક દિન શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી અમદાવાદ શહેર, પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબ તથા ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી સાહેબ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એબ્સ્કોન્ડર સ્કવોર્ડ નાઓની સુચના માર્ગદર્શન આધારે પોતાની ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી.દેસાઈ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન.ગોસ્વામી તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે તા.૨૧/૧/૨૦૧૫ નારોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમિયાન અ.હે.કોન્સ. મહેન્દ્રસિંહ વેલુભા નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે પાલડી, એન.આઈ.ડી. સર્કલ પાસેથી આરોપી રહીમ ઉર્ફે અંતુ જુસબભાઇ હીંગોરજા (ગામેતી) ઉ.વ.-૨૭, રહે. અરીહંત એપાર્ટમેન્ટ બીજા માળે, ભાટીયા ધર્મશાળા પાસે, જુનાગઢ. મુળ ગામ.માણાવદર લક્ષ્મીનગર સોસાયટી, જુનાગઢ રોડ, હીરો હોન્ડાના શો-રૂમ ની સામે, તા.માણાવદર જી.જુનાગઢને રોકી લઈ જરૂરી કાર્યવાહી કરી તેની ઝડતી તપાસ કરતા તેના કબ્જામાંથી પાસ પરવાના વગરની દેશી બનાવટના તમંચા નંગ-૨ તથા દેશી બનાવટની પિસ્ટલ નંગ-૧ તથા જીવતા કાર્ટીસ નંગ-૨ મળી કુલ્લે રૂ.૩૫,૧૦૦/- ની મત્તાના સાથે મળી આવતા જે કબ્જે કરી સદર ઈસમની તા.૨૧/૧/૨૦૧૫ નારોજ ધરપકડ કરવામાં આવેલ છે.

સદર ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે. સદર ઇસમની પુછપરછ દરમિયાન કબ્જે કરવામાં આવેલ હથિયારો તથા કારતુસો અમિત નંદકિશોર શિવહરે રહે. સી.ટી.એમ. અમદાવાદ શહેર નામના માણસ પાસેથી વેચાણ ખરીદેલ છે. જે હથિયાર આપનાર હાલ ધોળાજી તથા વડોદરા લૂંટ કેસમાં પકડાયેલ છે. પોતાની હબીબ મુસા ઉર્ફે હબલો રહે. ગામ ટીકર, તા.વંથલી, જિ.જૂનાગઢના ભાઈઓ તથા સગાઓ સાથે દૂશ્મનાવટ ચાલતી હોય, જેથી તેઓ પોતાની ઉપર ગમે ત્યારે હુમલો કરે તેમ હોય, પોતાના સેલ્ફ પ્રોટેક્શન માટે આ હથિયારો ખરીદેલ છે.

સદર આરોપી અગાઉ સને-૨૦૧૨ માં જૂનાગઢના વંથલી તાલુકાના વાડલા ફાટક પાસે લૂંટ, ધાડના ગુન્હાઓમાં સંડોવાયેલ હબીબ મુસા ઉર્ફે હબલોને સહ આરોપીઓ સાથે મળી હથિયારથી ફાયરીંગ કરી ખૂન કરેલ. જે ગુન્હામાં વંથલી તાલુકા પોલીસ સ્ટેશનના ગુન્હામાં પકડાયેલ હતો. જે ગુન્હામાં બે વર્ષ જેટલો સમય જૂનાગઢ જેલમાં રહેલ અને હાલ છેલ્લા નવ મહિનાથી જામીન ઉપર છુટેલ છે. તેમજ અગાઉ સને-૨૦૧૧ માં જૂનાગઢ, માણાવદર પોલીસ સ્ટેશન ખાતે ત્રણ ઇંગ્લીશ દારૂના ગુન્હામાં પકડાઈ ચુકેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.